# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July - 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | **:** | **MSW** | **Date** | **:** | **06-07-2026** |
| **Subject Code** | **:** | **MSWR - 301** | **Time** | **:** | **11:30am to 01:45pm** |
| **Subject Name** | **:** | **સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર** | **Duration** | **:** | **02.15 Hours** |
| | | | **Max. Marks** | **:** | **70** |

---

### Section A

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ત્રણ)** **(30)**

1. સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધનનો અર્થ સમજાવી, બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
2. વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું? વૈજ્ઞાનિક પદ્ધતિના મુખ્ય લક્ષણો અને તેના વિવિધ તબ્બકાની વિગતવાર ચર્ચા કરો.
3. સંશોધન પ્રક્રિયામાં 'નિદર્શન'નું મહત્વ સમજાવી, સંભાવના અને અસંભાવના નિદર્શન પદ્ધતિઓ વિશે લખો.
4. માહિતી એકત્રિકરણના સાધન તરીકે 'મુલાકાત અનુસૂચિ' અને 'પ્રશ્નાવલિ' ની તુલનાત્મક ચર્ચા કરો.
5. સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રની ઉપયોગિતા અને મહત્વ ઉદાહરણ સહિત સમજાવો.

### Section B

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ચાર)** **(20)**

1. વિજ્ઞાનની વ્યાખ્યા આપી તેના પ્રકારો જણાવો.
2. સમાજકાર્ય સંશોધનના મુખ્ય હેતુઓ સ્પષ્ટ કરો.
3. સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો.
4. ઉત્કલ્પના એટલે શું? તેના સ્ત્રોતો જણાવો.
5. પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી વચ્ચેનો તફાવત ટૂંકમાં સમજાવો.
6. કેસ સ્ટડી પદ્ધતિના ફાયદા અને મર્યાદાઓ જણાવો.

### Section C

**Part – A (Multiple Choice Questions)** **(10)**

1 નીચેનામાંથી કયું વૈજ્ઞાનિક પદ્ધતિનું લક્ષણ છે?

A. પૂર્વગ્રહયુક્ત B. વલણવાળું

C. વસ્તુલક્ષીતા D. કાલ્પનિક

2 સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ શું છે?

A. માત્ર મનોરંજન B. જ્ઞાનની પ્રાપ્તિ અને સત્યની શોધ

C. પૈસા કમાવવા D. રાજકીય લાભ

3 જ્યારે વસતીના દરેક એકમને પસંદ થવાની સમાન તક મળે, તેને કયું નિદર્શન કહેવાય?

A. આકસ્મિક નિદર્શન B. સ્નોબોલ નિદર્શન

C. સંભાવના નિદર્શન D. હેતુપૂર્વક નિદર્શન

4 'પ્રશ્નાવલિ' સામાન્ય રીતે કોના દ્વારા ભરવામાં આવે છે?

A. ઉત્તરદાતા પોતે B. સંશોધક

C. મુલાકાત લેનાર D. સરકારી અધિકારી

5 મધ્યક, મધ્યસ્થ અને બહુલક એ શાના માપો છે?

A. પ્રસારમાનના B. કેન્દ્રીય વર્તી સ્થિતિના

C. સહસંબંધના D. વિષમતાના

6 સંશોધન કાર્યનું પ્રથમ ચરણ કયું છે?

A. માહિતીનું વિશ્લેષણ B. અહેવાલ લેખન

C. સમસ્યાની પસંદગી D. નિદર્શનની પસંદગી

7 પ્રયોગાત્મક સંશોધનમાં કયા ચલ પર નિયંત્રણ રાખવામાં આવે છે?

A. સ્વતંત્ર ચલ B. આશ્રિત ચલ

C. બાહ્ય ચલ D. કોઈ પણ નહીં

8 ગૌણ માહિતીનો સ્ત્રોત કયો છે?

A. પ્રત્યક્ષ અવલોકન B. પુસ્તકો અને સરકારી અહેવાલો

C. વ્યક્તિગત મુલાકાત D. પ્રશ્નાવલિ

9 'Hypothesis' માટે ગુજરાતીમાં કયો શબ્દ વપરાય છે?

A. ઉત્કલ્પના / ઉપકલ્પના B. સિદ્ધાંત

C. તથ્ય D. નિષ્કર્ષ

10 આંકડાશાસ્ત્રમાં 'N' સામાન્ય રીતે શું દર્શાવે છે?

A. કુલ સંખ્યા B. મધ્યક

C. નવો ચલ D. શૂન્ય

**Part – B (Do as Directed)** **(10)**

**નીચે આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો**

1 સમાજકાર્ય સંશોધન એ એક વ્યવહારિક અને વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

2 પ્રશ્નાવલિ પદ્ધતિમાં મુલાકાત લેનારનું પ્રત્યક્ષ હાજર રહેવું અનિવાર્ય છે.

3 સ્નોબોલ નિદર્શન એ સંભાવના નિદર્શન પદ્ધતિનું ઉદાહરણ છે.

4 મધ્યસ્થ એ માહિતીના બરાબર મધ્યમાં આવેલું પ્રાપ્તાંક છે.

5 સંશોધન અહેવાલમાં સંદર્ભ સૂચિ લખવી જરૂરી નથી.

6 વસ્તુલક્ષીતા એ વિજ્ઞાનનું એક આવશ્યક લક્ષણ છે.

7 પ્રાથમિક માહિતી હંમેશા અન્ય પ્રકાશિત સાહિત્યમાંથી જ મેળવવામાં આવે છે.

8 ઉત્કલ્પના એ સમસ્યાનો એક કામચલાઉ ઉકેલ કે અનુમાન છે.

9 સામાજિક સંશોધન માત્ર ભૌતિક વિજ્ઞાનના નિયમો પર આધારિત હોય છે.

10 મુલાકાત પદ્ધતિ દ્વારા અક્ષરજ્ઞાન ન ધરાવતા વ્યક્તિઓ પાસેથી પણ માહિતી મેળવી શકાય છે.

*********